RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૫૩૭,૫૩૮ તા.૩૦–૧૨–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી એઝાઝ મોહંમદશફી અન્સારી
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન,બીઆરટીએસ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી એઝાઝ મોહંમદશફી અન્સારીની તા. ૧૦–૧૦–૧૧ની અરજીથી ઉધના–નવસારી મેઈન રોડ ઉપર બી.આર.ટી.એસ.પ્રોજેકટનાં કામ ચાલુ છે જે ૬૦ મીટર અમલમાં આવેલ છે ડાયવઝર્નથી ૨૮ મીટર અગરતો ૨૮ મીટર અંદર છે યાને કે, કુલ્લે તેની ચોકકસ કેટલી મીટર સાઈઝ છે વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩૦–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૫૩૭–૫૩૮ /૨૦૧૧–૧૨

શ્રી એઝાઝ મોહંમદશફી અન્સારીની તા. ૧૦–૧૦–૧૧ની અરજીથી ઉધના–નવસારી મેઈન રોડ ઉપર બી.આર.ટી.એસ.પ્રોજેકટનાં કામ ચાલુ છે જે ૬૦ મીટર અમલમાં આવેલ છે ડાયવઝર્નથી ૨૮ મીટર અગરતો ૨૮ મીટર અંદર છે યાને કે, કુલ્લે તેની ચોકકસ કેટલા મીટર સાઈઝ છેવિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબતે બી.આર.ટી.એસ.સેલ આ.નં.૬૮૬થી તથા સા.ઝોન/ટેક./૫૭૫ તા.૧૫–૧૧–૧૧ થી નિર્દિષ્ટ સમયગાળામાં આપવામાં આવેલ માહિતી સ્પષ્ટ નથી અને તે અપૂરતી અને અધૂરી આપેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩૦–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. અરજદારે બીઆરટીએસ અને ઉધનાઝોનના જાહેર માહિતી અધિકારીની અલગ અલગ અપીલ અરજીઓ કરવામાં આવેલ પરંતુ બંને અપીલમાં સંદર્ભ કરેલ મુળ માહિતી અરજીનું વિષય વસ્તુ સરખુ હોઈ , બંન્ને અપીલોનું જોડાણ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૪૭૬,૧૪૭૭ તા.૧૩–૧–૧૨ થી** એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને મુળ અરજીથી માંગેલ માહિતી, ફી ભર્યાની વિગત–મળેલ પ્રત્યુત્તર તથા તે સામે નારાજગીની વિગતો આધાર સહ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૪૭૩ તા.૨૪–૧૦–૧૧ થી વિલંબથી અંશતઃ મુદ્દા નં.૧ અને ૩ અંગે ડે.ટાઉન પ્લાનર ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરેલ પત્રની નકલ, જે મ. જાહેર માહિતી અધિકારી નગર નિયોજક તરફથી મુદ્દા નં.૩ અંગે વિલંબથી કાર્યપાલક ઈજનેર ઉધનાઝોનને પત્ર નં.ટીપીડી/૩૮૯ તા.૮–૧૧–૧૧ થી તથા કાર્યપાલક ઈજનેર બીઆરટીએસ સેલને મુદ્દા નં.૧ અંગે વિલંબથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૩૮૮ તા. ૮–૧૧–૧૧ થી તબદીલ કરેલ પત્રની નકલ, એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (બીઆરટીએસ સેલ) તરફથી પત્ર નં.બીઆરટીટીએસ સેલ/આ.નં.૬૮૬ તા.૧૫–૧૧–૧૧ થી નિયત સમય અવધિ બાદ અરજદારને આપેલ માહિતી અંગેના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૫૭૫ તા.૧૫–૧૨–૧૧ થી વિલંબથી આપેલ માહિતી અંગેના પત્રની નકલ, મુળ અરજીની નકલ અત્રે મળેલ છે. પરંતુ અપીલ તબકકે જાહેર માહિતી અધિકારી ધ્વારા તેમનો કોઈ પક્ષ રજૂ કરેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૪–૨–૧૨ નો પૂરક તથા મુળ અરજીની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૧૦–૧૦–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળ મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તથા બીઆરટીએસને સંબોધતી ઉધનાઝોન ખાતે આપવામાં આવેલ. જેમાં મુદ્દા નં.(૧) ઉધના–નવસારી મેઈન રોડ ઉપર બી.આર.ટી.એસ.પ્રોજેકટનાં કામ ચાલુ છે જે ૬૦ મીટર અમલમાં આવેલ છે ડાયવઝર્નથી ૨૮ મીટર અગરતો ૨૮ મીટર અંદર છે યાને કે, કુલ્લે તેની ચોકકસ કેટલા મીટર સાઈઝ છે. મુદ્દા નં.(૨) ઉધના હરીનગરમાં અંબર કોલોનીમાં આવેલ અસલમ ચેમ્બર્સ માં ૨૮.૫ મી. છોડીને

બાંધકામ કરેલ છે તે કાયદેસર છે કે ગેરકાયદેસર? અને જો ગેરકાયદેસર છે તો તે તોડવામાં આવેલ કેમ નથી. માહિતી આપો. મુદ્દા નં.(૩) અસલમ ચેમ્બર્સમાં આવેલ ટેના નં.૨૭એસ–૧૯–૧૫૮૩–૦–૦૦૧ ડાયવર્ઝન થી વચ્ચેથી (સ ેન્ટર) થી ૩૦ મીટર છોડીને ૨ ફુટ મિલ્કત બચે છે તે અમોને બાંધવા કેમ દેતા નથી તેનું ચોકકસ કારણ અને માહિતી. આપો. જે અંગે ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૪૭૩ તા.૨૪–૧૦–૧૧ થી વિલંબથી અંશતઃ મુદ્દા નં.૧ અને ૩ અંગે ડે.ટાઉન પ્લાનર ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરવામાં આવેલ. ટાઉન પ્લાનીંગ વિભાગના મ. જાહેર માહિતી અધિકારી અને નગર નિયોજક તરફથી મુદ્દા નં.૩ અંગે વિલંબથી કાર્યપાલક ઈજનેર ઉધનાઝોનને નં.ટીપીડી/૩૮૯ તા.૮–૧૧–૧૧ થી તબદીલ કરવામાં આવેલ તથા પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૩૮૮ તા. ૮–૧૧–૧૧ થી કાર્યપાલક ઈજનેર બીઆરટીએસ સેલને મુદ્દા નં.૧ અંગે વિલંબથી તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી બીઆરટીએસ સેલ ધ્વારા પત્ર નં.બીઆરટીઓસ સેલ/૬૮૬ તા.૧૫–૧૧–૧૧ થી અરજીમાં દર્શાવેલ મુદ્દા અન્વયે ઉધના–નવસારી રોડ કે જે બી.આર.ટી.એસ. રોડ તરીકે ડેવલપ કરવામાં આવી રહયો છે તેનું પ્લાનીંગ 45mt R.O.W/60 mt R.O.W મુજબનું ટાઉન પ્લાનીંગ ડીપાર્ટમેન્ટ તથા સાઉથઝોનના ટાઉન પ્લાનીંગ ડીપાર્ટમેન્ટ ધ્વારા આપવામાં આવતા ડીમાર્કેશન મુજબ કરવામાં આવે છે. તેવું જણાવેલ છે. જેમાં અરજદારે અપીલ નં.૫૩૭ થી સ્પષ્ટ માહિતી મળેલ નથી તથા અપૂરતી અને અધૂરી છે તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. તેવી રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારીએ પ્લાનીંગ૪૫ મી. /૬૦ મી. R.O.W મુજબનું ડીમાર્કેશન મુજબનું હોવાનું સ્પષ્ટ જણાવેલ છે.

જયારે મુદ્દા નં.૩ અંગે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૫૭૫ તા.૧૫–૧૨–૧૧ થી મુદ્દા નં.૩ ધ્વારા માંગેલ માહિતીની વિગતમાં જીડીસીઆર મુજબ લઘુતમ વિસ્તાર મળતો ન હોવાથી બાંધકામ બાબતે પરવાનગી આપી શકાય નહીં તેમ છતાં નિયમ મુજબ વિકાસ પરવાનગીની અરજી કરવામાં આવે તો તેની યોગ્ય ચકાસણી કરી નિર્ણય લઈ શકાય. તેવું જણાવેલ છે. જેમાં અરજદારે અપૂરતી અને અધૂરી માહિતી હોવાનું જણાવી તા.૩૦–૧૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે મુદ્દા નં.૨ બાબતે હરીનગર અંબર કોલોનીમાં આવેલ ની કાયદેસરતા બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. આમ અરજદારને મુદ્દા નં.૨ સિવાયની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ જણાય છે. જયારે મુદ્દા નં.૨ અંગે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ધ્વારા કોઈ માહિતી આપ્યાનું જણાતું નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૦–૧૦–૧૧ ની અરજી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૨ ની જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન,બીઆરટીએસ), ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી એઝાઝ મોહંમદશફી અન્સારી,